૦૨.

# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફિક/ ૪૩૦ /૨૦૧૫

## તા. ૩ /૧/૨૦૧૫

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ** :-

અમદાવાદ શહેરમાં એલ.એસ.સ્પોર્ટ્સ મેનેજમેન્ટ પ્રા.લિ. દ્વારા આગામી તા.૪/૧/૨૦૧૫ ના રોજ સવારે ૦૫.૦૦ વાગ્યાથી બપોર કલાક ૧૦.૩૦ દરમ્યાન મેરેથોન દોડનું આયોજન કરવામાં આવેલ છે. જેથી જાહેરમાર્ગો ઉપર નીચે મુજબના વિસ્તારોમાં મેરેથોન દોડ દરમ્યાન રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

તા.૪.૧.૨૦૧૫ ના રોજ સવાર કલાક ૦૫.૦૦ થી ૧૦.૩૦ સુધી મેરેથોન દોડના રુટ ઉપર આવતા નીચે પ્રમાણેના રસ્તાઓ વાહનવ્યવહાર માટે સદંતર બંધ રહેશે. **(સમગ્ર રુટ નો-વ્હીકલ ઝોન રહેશે.)**

**(1) સારથી હોટલ સામે એ.ઇ.એસ. ગ્રાઉન્ડથી એન.એફ.ડી. સર્કલથી જજીસ બંગલો ચાર રસ્તાથી પરત સાંઇબાબા ચાર રસ્તાથી સુરધારા સર્કલથી સત્તાધાર ચાર રસ્તા સુધીનો રસ્તો બંધ રહેશે.**

વૈકલ્પિક માર્ગ :

- વસ્ત્રાપુર લેકથી અંધજન ચાર રસ્તા, કેશવબાગ,શીવરંજની ચાર રસ્તા, જોધપુર ચાર રસ્તા, ઇસ્કોન ચાર રસ્તાથી પકવાન ચાર રસ્તા થલતેજ સર્કલ થઇ એસ.જી. હાઇવે જઇ શકાશે.
- ભુયંગદેવ ચાર રસ્તાથી જમાણીબાજુ વળી પ્રભાતચોક ચાણક્યપુરી બ્રીજ થઇ એસ.જી.હાઇવે તરફ જઇ શકાશે.

**(2) સાંઇબાબા ચાર રસ્તાથી ડ્રાઇવ ઇન રોડ હેલ્મેટ ચાર રસ્તાથી વિજય ચાર રસ્તા સુધીનો રસ્તો બંધ રહેશે.**

વૈકલ્પિક માર્ગ :

- (અ) અંધજન ચાર રસ્તાથી શીવરંજની ચાર રસ્તાથી જમણી બાજુ વળી જોધપુર ચાર રસ્તાથી ઇસ્કોન બ્રીજ નીચે થઇ આવ-જા કરી શકાશે.
- (બ) શાસ્ત્રીનગર ચાર રસ્તાથી એ.ઇ.સી. બ્રીજ વાળીનાથ ચોક હેલ્મેટ ઓવરબ્રીજ ઉપરથી રોડ ક્રોસ કરી શકાશે.

**(3)** વિજય ચાર રસ્તાથી દર્પણ સર્કલ નવરંગસર્કલ સરદારપટેલ બાવલા સર્કલ સુધીનો માર્ગ બંધ રહેશે.

વૈકલ્પિક માર્ગ :

- (અ) ભુયંગદેવ ચાર રસ્તા તરફથી એ.ઇ.સી. ચાર રસ્તા નારણપુરા ચાર રસ્તા થઇ નારણપુરા ક્રોસીંગ થઇ અવર જવર કરી શકાશે. તેવી જ રીતે ઉસ્માનપુરા અંડરપાસ ઉપરના ભાગે થઇ મીઠાખળી સર્કલ તરફ આવ-જા કરી શકાશે.

**(4)** સરદાર પટેલ બાવલાથી સ્ટેડીયમ પાંચ રસ્તા થઇ સ્વસ્તીક ચાર રસ્તાથી કોમર્સ સર્કલ થઇ સેફ્ટ યુનિ. ચાર રસ્તા (દાદા સાહેબના પગલાં) સુધીનો માર્ગ બંધ રહેશે.